# સેઈફ એન્ડ એક્સેપટીંગ સ્કૂલ્સ તૈયાર કરવી: એક્સેપટીંગ સ્કૂલ્સ (બિલ 13) વિશે માતાપિતા માટે માહિતી

આપણે જાણીએ છીએ કે સલામત, સમાવેશક અને સ્વીકાર્ય શાળા એ વિદ્યાર્થીની સિદ્ધિ અને સુખાકારી માટે આવશ્યક છે.

આ કારણે સરકારે બિલ 13 રજૂ કર્યું છે, એક્સેપટીંગ સ્કૂલ્સ એક્ટ, જેને હવે કાનૂન તરીકે પસાર કરવામાં આવી ચૂક્યું છે.

## બિલ 13 શું છે?

બિલ 13 માટે જરૂરી છે શાળા બૉર્ડ આપણી શાળાઓમાં વિદ્યાર્થીઓમાં અયોગ્ય અને અનાદરપૂર્વકનાં વર્તનને અટકાવે અને તેનો ઉકેલ લાવે. આ વર્તનમાં ધાકધમકી, ભેદભાવ અને પજવણીનો સમાવેશ થાય છે. નવો કાનૂન એ સ્પષ્ટ કરે છે કે આ વર્તનો અમારી શાળાઓમાં અસ્વીકાર્ય છે. જાતિ, લિંગ, જાતિય અભિમુખતા, અપંગતા અથવા અન્ય કોઈપણ પરિબળ સાથે કોઈપણ સંબંધ વિના તે બધા વિદ્યાર્થીઓ માટે આદર અને સમજને ઉત્તેજન આપે છે.

## બિલ 13 ધાકધમકી સહિત અયોગ્ય વર્તનને અટકાવવામાં અને તેનો ઉકેલ લાવવામાં શાળાઓ અને બૉર્ડ્સને કઈ રીતે મદદ કરે છે?

શાળા બૉર્ડ અને શાળાઓ દ્વારા પહેલેથી કરવામાં આવી ચૂકેલાં કાર્ય પર તેનું નિર્માણ થાય છે. બિલ 13 માટે જરૂરી છે કે બૉર્ડ:

- પ્રગતિશીલ શિસ્ત, ધાકધમકી અટકાવ અને હસ્તક્ષેપ અને સમાનતા તથા સમાવેશક શિક્ષણ અંગેની નીતિઓ ધરાવતું હોય.
- જેઓ અન્યને ધમકાવતાં હોય તેવા વિદ્યાર્થીઓ માટે વધારે કપરાં પગલાં લેવાનો વિચાર કરો. આમાં સસ્પેન્શન અને હકાલપટ્ટીના વિચારનો સમાવેશ થઈ શકે છે જો:
  - વિદ્યાર્થીને ધાકધમકી માટે અગાઉ સસ્પેન્ડ કરવામાં આવી ચૂક્યો હોય અને શાળામાં વિદ્યાર્થીની હાજરી અન્ય લોકોની સલામતી માટે અસ્વીકાર્ય જોખમ સર્જતી હોય, અથવા
  - ધાકધમકી પક્ષપાત, પૂર્વગ્રહ કે નફરતથી પ્રેરિત હોય.

  એજ્યુકેશન એક્ટમાં પહેલેથી સસ્પેન્ડ કરાયેલાં અને કાઢી મૂકાયેલાં વિદ્યાર્થીઓ માટે સહકાર જરૂરી છે:

  - જો વિદ્યાર્થીઓને કાઢી મૂકવામાં આવે અથવા લાંબા ગાળાનાં સસ્પેન્શન પર હોય (પાંચ શાળાકીય દિવસોથી વધારે), તો તેઓ સસ્પેન્શન/હકાલપટ્ટી કાર્યક્રમ દ્વારા શૈક્ષણિક/બિન-શૈક્ષણિક સહકાર મેળવશે. જેમને પાંચ જેટલાં શાળાકીય દિવસો સુધી સસ્પેન્ડ કરવામાં આવ્યા હોય તેવા વિદ્યાર્થીઓ ગૃહકાર્ય પેકેજ મેળવશે.
- ધાકધમકી અટકાવવા અને શાળાના સકારાત્મક વાતાવરણને પ્રોત્સાહન આપવા વિશે વાર્ષિક આધાર પર શિક્ષકો અને અન્ય શાળાનાં સ્ટાફને તાલીમ અને માહિતી પૂરી પાડો.
- સકારાત્મક શાળાકીય વાતાવરણ અને ધાકધમકી અટકાવ વિશેના લક્ષ્યાંકોને તેમના બહુવર્ષીય આયોજનોમાં સામેલ કરો અને આયોજનોને જનતાને ઉપલબ્ધ કરાવો.

## શું બિલ 13 આચાર્યોની ભૂમિકા બદલે છે?

- બિલ આચાર્યોને નવી, ચોક્કસ જવાબદારીઓ આપે છે. તેઓ માટે હવે જરૂરી છે કે:
  - બૉર્ડના કર્મચારી દ્વારા નોંધવામાં આવેલ કોઈપણ બનાવની, કે જેમાં ધાક ધમકીનો પણ સમાવેશ થાય છે, તપાસ કરવી જેનાથી વિદ્યાર્થી સ્પસ્પેન્ડ થઈ શકે કે હકાલપટ્ટી પામી શકે.
  - જેમણે અન્ય વિદ્યાર્થીને નુકસાન કર્યું હોય તેવા વિદ્યાર્થીઓના માતાપિતા/વાલીઓને બનાવ વિશે જાણ કરો, જ્યારે વિદ્યાર્થીઓના વર્તનના પરિણામે તેમનું સસ્પેન્શન કે હકાલપટ્ટી થઈ શકે. માતાપિતાને તેમના બાળકને પૂરા પાડવામાં આવનાર સહકાર વિશે ચર્ચા કરવા માટે પણ આમંત્રણ આપો.
  - તેમના બાળકને પૂરા પાડવામાં આવનાર સહકારની ચર્ચા કરવા માટે બનાવમા હાનિ પામેલાં વિદ્યાર્થીના માતાપિતા/વાલીઓને આમંત્રણ આપો. આચાર્યોને આ માતાપિતાને જાણ કરવામાં આવે તે પહેલેથી જરૂરી હતું.
  - શિક્ષકો સાથે સંવાદ કરો અને જ્યાં જરૂરી હોય ત્યાં અન્ય બૉર્ડ કર્મચારીઓ સાથે વાત કરો જેમણે એવા બનાવ અંગે જાણ કરી હોય જેનાથી વિદ્યાર્થી સસ્પેન્ડ થઈ શકે કે હકાલપટ્ટી પામી શકે. આચાર્યો બનાવમાં તેમની તપાસના પરિણામો વિશે તેમને જાણ કરે તે જરૂરી બનશે.

## બિલ 13 કઈ રીતે બૉર્ડ અને શાળાઓને માતાપિતા, વિદ્યાર્થીઓ અને અન્ય સ્ટાફ તથા હિસ્સાધારકોને પ્રવૃત્ત કરવા માટે સહકાર આપે છે?

બિલ માતાપિતાને તેમના બાળકોને શાળાઓ દ્વારા ઉપલબ્ધ સહકાર વિશે અને શાળા વધુ સકારાત્મક શાળાકીય વાતાવરણ સર્જવા માટે જે પ્રયત્નો કરે છે તે વિશે વધુ જાણવામાં મદદ કરે છે.

ISBN 978-1-4606-1138-8 (PDF) (Gujarati) © ક્વિન્સ પ્રિન્ટર ફોર ઓન્ટારિયો 2013

બૉર્ડ માટે જરૂરી છે કે:

- જો માતાપિતાને તેમનું બાળક જે મેળવી રહ્યું હોય તે સહકાર વિશે ચિંતાઓ હોય તો તેમના માટે પ્રક્રિયા સ્થાપિત કરવી.
- જેનાથી વિદ્યાર્થીઓ, માતાપિતાઓ અને અન્યો ધાકધમકીના બનાવો વિશે સલામત રીતે જાણ કરી શકે તેવી વિધિ વિકસાવવી.
- ઓછામાં ઓછાં દર બે વર્ષે સ્ટાફ, વિદ્યાર્થીઓ અને માતાપિતાઓના શાળાકીય વાતાવરણનાં સર્વેક્ષણ હાથ ધરવાં.
- માતાપિતાઓને વિદ્યાર્થીની સલામતી અને શાળાના વાતાવરણ વિશે જાણવા માટે વધુ તકો આપવી.

## બિલ 13 વિદ્યાર્થીઓને કઈ રીતે મદદ કરે છે?

બિલ 13 માટે જરૂરી છે કે:

- શાળાઓ વિદ્યાર્થીઓને સહકાર પૂરો પાડે જેઓ અયોગ્ય વર્તનમાં પ્રવૃત્ત થયા છે અથવા જેઓ અયોગ્ય વર્તનથી પ્રભાવિત થયાં છે.
- શાળાઓ પીડિતો અને ધાકધમકી આપનારાઓ એમ બંનેને અને જેઓ બનાવના સાક્ષી હોય તેમને કાર્યક્રમો, હસ્તક્ષેપો અને અન્ય સહકાર પૂરો પાડશે.
- શાળાઓ વિદ્યાર્થીઓને એવા માર્ગો પૂરા પાડશે જેનાથી તેઓ સલામત રીતે ધાકધમકીના બનાવો વિશે જાણ કરી શકે.
- બૉર્ડ્સ અને શાળાઓ વિદ્યાર્થીઓને તેમની શાળા ખાતે સમૂહો બનાવવા માટે મંજૂરી આપશે જેથી નીચેના જેવા મુદ્દાઓ પર બધા વિદ્યાર્થીઓની જાગૃતિ અને સમજ વધારી શકાય:
  - જાતિવાદનો વિરોધ;
  - અપંગતાઓ ધરાવતાં લોકો;
  - લિંગ સમાનતા;
  - જાતિય અભિમુખતા અને લિંગ ઓળખ. આ સમૂહોમાં ગે-સ્ટ્રેઈટ એલાયન્સ (GSAs) નો સમાવેશ થઈ શકે છે.

બૉર્ડ્સ અને આચાર્યો વિદ્યાર્થીઓને GSA નામ અથવા આ સમૂહો માટે વિદ્યાર્થીઓ પસંદ કરી શકે તેવા અન્ય નામનો ઉપયોગ કરવાથી અટકાવી શકશે નહીં.

વિદ્યાર્થીઓ તેમની શાળાની જરૂરિયાતોના આધારે અન્ય પ્રકારના સમૂહો બનાવી શકે છે.

- વિદ્યાર્થી સંચાલિત સમૂહનું નામ એવા સકારાત્મક શાળાકીય વાતાવરણને ઉત્તેજન આપવામાં મદદ કરતું હોવું જોઈએ જે બધા વિદ્યાર્થીઓ માટે સમાવેશક અને સ્વીકાર્ય હોય.

## સાર્વજનિક શાળાઓમાં જગ્યા ભાડે લેતાં સંગઠનોને બિલ 13 કઈ રીતે અસર કરે છે?

બિલ 13 માટે જરૂરી છે કે સ્પૉર્ટ્સ લીગ્ઝ અને સમુદાય સમૂહો જેવા ત્રીજા પક્ષકારો વર્તનનાં એવા ધારાધોરણોનું પાલન કરે જે પ્રાંતિય આચારસંહિતા સાથે સુસંગત હોય જ્યારે તેઓ સાર્વજનિક શાળાઓમાં જગ્યાનો ઉપયોગ કરતાં હોય. આ સંહિતા એ સુનિશ્ચિત કરવામાં મદદ કરે છે કે શાળા સમુદાયના બધાં સભ્યો સાથે આદર અને ગરિમા સાથે વર્તન કરવામાં આવે અને તે ઘણાં વર્ષોથી અમલી છે.

## "સમગ્ર શાળાકીય અભિગમ" કઈ રીતે શાળાઓને શીખવા માટેની બહેતર જગ્યાઓ બનાવે છે?

સકારાત્મક અને સમાવેશક શાળાકીય વાતાવરણનું નિર્માણ કરવા માટે "સમગ્ર શાળાકીય અભિગમ" જરૂરી છે જે સમગ્ર શાળા અને સમુદાયમાં તંદુરસ્ત અને આદરપૂર્વકના સંબંધો પર આધારિત હોય.

સલામત, સમાવેશક અને સ્વીકાર્ય શાળાઓ વિદ્યાર્થીઓને વર્ગખંડમાં અને તે સિવાય તેમનો શ્રેષ્ઠ દેખાવ કરવામાં મદદ કરે છે. સલામત, સમાવેશક અને સ્વીકાર્ય શાળાઓ પ્રાપ્ત કરવામાં સરકાર, શાળા બૉર્ડ, શાળા સ્ટાફ, માતાપિતા, વિદ્યાર્થીઓ અને સમુદાયના સભ્યો સહિત દરેકની ભૂમિકા છે.

સાથે મળીને આપણે સકારાત્મક શાળાકીય વાતાવરણ તૈયાર કરી શકીએ છીએ જે બધા વિદ્યાર્થીઓને શીખવા, વિકસવા અને ટકવામાં મદદ કરે.

## બિલ 13 એ સર્વાંગી કાર્ય યોજનાનો ભાગ છે

કાનૂન આપણી સમાનતા અને સમાવેશક શિક્ષણ તથા સલામત શાળાઓની વ્યૂહરચનાઓ પર નિર્માણ પામે છે. કાનૂન એ મોટી કાર્ય યોજનાનો ભાગ છે જેમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- શાળાઓમાં વધારે માનસિક સ્વાસ્થ્ય કામદારો રજૂ કરવાં અને ગ્રામીણ તથા દૂરના સમુદાયોમાં બાળકો માટે મનોવૈજ્ઞાનિક સાથેની વિસ્તારિત વીડિયો પરામર્શ સેવાઓ રજૂ કરવી.
- વધુ સમાનતા અને સમાવેશક શિક્ષણ સિદ્ધાંતોનો સમાવેશ થાય અને ધાકધમકી અટકાવની વ્યૂહરચનાઓનો સમગ્ર અભ્યાસક્રમમાં સમાવેશ થાય તેના માર્ગો શોધવા, ઑન્ટારિયો ક્યુરીકલમ કાઉન્સિલની ભલામણો પર નિર્માણ કરવું.
- બધા ઑન્ટારિયા વાસીઓને ધાકધમકી અટકાવવામાં ભૂમિકા છે તેના પર ભાર મૂકવા માટે સાર્વજનિક જાગૃતિ અભિયાન કરવું.
- ધાકધમકી અટકાવ અને હસ્તક્ષેપ સહિતના સર્વાંગી શાળાકીય અભિગમ પર ધ્યાન કેન્દ્રિત કરતાં સંસાધનો અને આચરણો પર સલાહ પૂરી પાડવા માટે એક્સેપ્ટીંગ સ્કુલ્સ એક્સપર્ટ પેનલનું સર્જન કરવું.

## વધુ પ્રશ્નો?

માતાપિતાઓ ઑન્ટારિયોઝ વિશે ઑનલાઈન વધુ જાણી શકે છે:

- સ્વીકાર્ય શાળાઓ માટેની કાર્ય યોજના નીચેના વેબ ઍડ્રેસ પર: www.ontario.ca/acceptingschools
- સલામત શાળાઓની વ્યૂહરચના નીચેના વેબ ઍડ્રેસ પર www.edu.gov.on.ca/eng/parents/safekit.html
- સમાનતા અને સમાવેશક શિક્ષણ વ્યૂહરચના નીચેના વેબ ઍડ્રેસ પર www.edu.gov.on.ca/eng/policyfunding/equity.html
- પ્રાંતિય આચારસંહિતા નીચેના વેબ ઍડ્રેસ પર www.edu.gov.on.ca/eng/safeschools/standards.html